**MEDIA COVERAGE**

**Tata Power organizes various health camps at its Mundra Project site**

**Aajkaal, Bhuj**

30 November 2011

## મુન્દ્રામાં ટાટા પાવર દ્વારા યોજાઈ રક્તદાન શિબિર

મુન્દ્રા

ટાટા પાવરની સબસીડીયરી કોસ્ટલ ગુજરાત પાવર લિમિટેડ (સી.જી.પી.એલ) દ્વારા મુન્દ્રાની સાઈટ ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિર અમદાવાદના પ્રથમ બ્લડ સેન્ટરના સહયોગથી યોજાઈ હતી. ભુજની જી.કે.જનરલ હોસ્પિટલનો પણ સહયોગ મળ્યો હતો. આ શિબિરમાં ૩૧૨ વ્યક્તિઓએ રક્તદાન કર્યુ હતું.

કંપનીના કર્મચારીઓ, સી.જી.પી.એલ વસાહત તથા આસપાસની પ્રોજેક્ટ સાઈટ ખાતે રહેતા કામદારોના પાંચ વર્ષ સુધીના બાળકો માટે પોલીયો રસીકરણ કેમ્પ યોજાયો હતો. ૫૬ બાળકોને પોલીયોના ટીપા પીવડાવાયા હતા. આ પ્રસગે કંપનીના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર આલોક કનગતે વક્તવ્ય આપ્યું હતું.

**Divya Bhaskar, Bhuj**

30 November 2011

# મુન્દ્રા સ્થિત ટાટા પાવર દ્વારા વિવિધ આરોગ્ય શિબિર યોજાઇ

ભાસ્કર ન્યૂઝ . ભુજ

ટાટા પાવરની સબસિડિયરી કોસ્ટલ ગુજરાત પાવર લિમિટેડ(સીજીપીએલ) દ્વારા તેની મુન્દ્રાની સાઇટ ખાતે ત્રીજી રકતદાન શિબિરનું આયોજન કરાયું હતું. આ શિબિર અમદાવાદ સ્થિત પ્રથમ બ્લડ સેન્ટર સાથે સહયોગમાં હાથ ધરાઇ હતી, જે કેન્દ્ર ભારતનું સૌથી વિશાળ બ્લડ કલેકશન સેન્ટર છે. જી.કે. જનરલ હોસ્પિટલ ભુજનો પણ આમાં સહયોગ રહ્યો હતો. શિબિરમાં એક જ દિવસમાં ૩૧૨ જણે રકતદાન કર્યું હતું. સીજીપીએલના કર્મચારીઓ અને કોન્ટ્રાકટરના કર્મચારીઓ અને વર્કમેન દ્વારા સ્વયં સેવા આપવામાં આવી હતી અને તેમણે રકતદાન શિબિરને સફળ બનાવવા માટે કંપનીની તબીબી ટીમ સાથે કામ કર્યું હતું.

આ સાથે કંપનીના કર્મચારીઓ અને સીજીપીએલ વસાહત તથા આસપાસની પ્રોજેક્ટ સાઇટ ખાતે વર્કમેનના બાળકો માટે પોલિયો રસીકરણ કાર્યક્રમ પણ હાથ ધરાયો હતો. ૦-૫ વયજૂથમાં ૫૬ બાળકોને પોલિયોના ટીપાં અપાયાં હતાં. આ પહેલ વિશે બોલતાં સીજીપીએલના એક્ઝિકયુટિવ ડાયરેકટર આલોક કાનાગતે જણાવ્યું હતું કે, સીજીપીએલે પ્રથમ બ્લડ સેન્ટર માટે ભાગીદારી કરી છે, જે સેન્ટર સમાજ માટે મહાન સેવા આપી રહ્યું છે.

**Vavad, Bhuj**

30 November 2011

# ટાટા પાવર મુન્દ્રામાં રક્તદાન શિબિર યોજાઈ

ભુજ તા. ૩૦

ટાટા પાવરની સબસીડીયરી કોસ્ટલ ગુજરાત પાવર લિમિટેડ (સી.જી.પી.એલ) દ્વારા મુન્દ્રાની સાઈટ ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આં શિબિર અમદાવાદના પ્રથમ બ્લડ સેન્ટરના સહયોગથી યોજાઈ હતી. ભુજની જી.કે.જનરલ હોસ્પિટલનો પણ સહયોગ મળ્યો હતો. આ શિબિરમાં ૩૧૨ વ્યક્તિઓએ રક્તદાન કર્યુ હતું.

કંપનીના કર્મચારીઓ; સી.જી.પી.એલ વસાહત તથા આસપાસની પ્રોજેક્ટ સાઈટ ખાતે રહેતા કામદારોના પાંચ વર્ષ્ સુધીના બાળકો માટે પોલીયો રસીકરણ કેમ્પ યોજાયો હતો. ૫૬ બાળકોને પોલીયોના ટીપા પીવડાવાયા હતા. આ પ્રસગે કંપનીના એક્ઝીક્યુટીવ ડાયરેકટર આલોક કનગતે વક્તવ્ય આપ્યું હતું.